# અન્યનાં આંસુને પોતાની આંખોથી વહાવી જાણનારાં માનવતાના મશાલચી છે



ગાંધીનગર, તા. ૨૪
ગુજરાતના રાજયપાલ આચાર્ય દેવવ્રતે કહ્યું હતું કે, અન્યના આંસુને પોતાની આંખેથી વહાવી જાણનારા લોકો માનવતાના સાચા મશાલચી છે. સ્વજનો પ્રત્યે બધાને પોતિકાપણું હોય પરંતુ મહાન એ છે જે પારકામાં પોતીકાપણું જુએ છે, એમ તેઓએ ઉમેર્યું હતું. વિચાર ફાઉન્ડેશન દ્વારા આયોજીત 'ગાંધી મિત્ર એવોર્ડ-૨૦૧૯' સમારોહમાં ઉદ્બોધન કરતાં રાજ્યપાલે જણાવ્યું હતું કે, કોઈ એક જ વ્યક્તિના દ્રઢ મનોબળ અને અદમ્ય માનવસેવાના ભાવથી કેટલું મોટું કાર્ય થઈ શકે છે એ આજના એવોર્ડ વિજેતાઓના જીવન-કાર્યથી પ્રતીત થાય છે. ગાંધીજીના સંદેશને પોતના કાર્યો થકી જીવંત રાખનાર એવોર્ડ વિજેતાઓ અભિનંદનને પાત્ર છે અને આપણા સૌ માટે પ્રેરણાપૂંજ સમાન છે, એમ તેમણે ઉમેર્યું હતું.

રાજયપાલે વિચાર ફાઉન્ડેશન ખાતેના પ્રાકૃતિક વાતાવરણ અને ધાતુપાત્ર સંગ્રહાલયને બિરદાવતા, બાળકો-વિદ્યાર્થિઓ પરીસરની પુરાતન ધાતુશિલ્પ શૈલીથી પરિચિત બને તે આવકારદાયક છે તેમ કહ્યું હતું.

ગાંધી મિત્ર એવોર્ડ- ૨૦૧૯ અંતર્ગત આણંદ જિલ્લાના છોટાભાઈ ગાંડાભાઈ પટેલ, બારડોલીના ડૉ. પ્રજ્ઞાબેન કલાર્થી અને બગસરાના દેવચંદભાઈ સાવલીયાને રાજ્યપાલના હસ્તે 'ગાંધી મિત્ર' પારિતોષીક એનાયત કરવામાં આવ્યાં હતાં.

વિચાર ફાઉન્ડેશનના એમ.ડી. સુરેન્દ્રભાઈ પટેલે જણાવ્યું હતુ કે, ગાંધીને આજે સમજીએ, આવતીકાલે સમજીએ કે હજાર વર્ષ બાદ સમજીએ પણ ગાંધીને સમજ્યે જ છુટકો છે. ગાંધી પ્રેરીત માર્ગે ચાલી ગરીબ અને વંચિતોના બેલી બનનારા 'ગાંધી મિત્ર'ને બિરદાવવાનો આ અવસર છે. તેમ તેઓએ ઉમેર્યું હતું. આ પ્રસંગે સુવિખ્યાત સ્થપતિ પદ્મશ્રી બી.વી. દોશી, ચિત્રકાર નટુભાઈ મિસ્ત્રી, સ્વામી અધ્યાત્માનંદજી, રમેશ તન્ના, વિચાર ફાઉન્ડેશનના ટ્રસ્ટિ સ્મિતાબેન પટેલ અને પારિતોષિક વિજેતા વ્યક્તિવિશેષોના પરિવાર-જનો ઉપસ્થિત રહ્યા હતા.

## જન્મદિને વધામણી



જ્યોતિકા ગિરીશકુમાર આર્ય
મો. ૯૯૦૪૫ ૦૧૭૫૫



ગિરીશકુમાર ડી. આર્ય
મો. ૯૯૦૪૫ ૦૧૭૫૫



હેત્વી જિતેન્દ્રજી ઠાકોર



વિમલા ગોહિલ
મો. ૮૫૧૧૭ ૭૮૩૦૫



વંશિકા ભરતકુમાર શાહ
મો. ૯૮૨૪૬ ૧૯૪૫૧



કેવલભાઈ પંડ્યા
મો. ૮૨૦૦૩ ૩૯૮૯૨

### આઈઆઈટી ગાંધીનગર ખાતે

## 'વિન્ટર સ્કૂલ ઈન ડિજિટલ હ્યુમેનિટીઝ'નું સમાપન

ગાંધીનગર, તા. ૨૪
હ્યુમેનિટીઝ, સમાજ વિજ્ઞાન, ડિઝાઈન અને ગણતરી વિજ્ઞાન જેવી વિવિધ શાખાઓમાં ડિજિટલ સ્ટડીઝને અજમાવવા અને સમજવા માટે બનાવવામાં આવેલી એક અનોખી વિન્ટર સ્કૂલ, 'વિન્ટર ઈન્સ્ટિટ્યૂટ ઈન ડિજિટલ હ્યુમેનિટીઝ' (ડબ્લ્યુઆઈડીએચ)નું ગઈકાલે ભારતીય પ્રૌદ્યોગિકી સંસ્થાન ગાંધીનગર (આઈઆઈટી ગાંધીનગર)માં સમાપન થયું. આ આંતરરાષ્ટ્રીય વર્કશોપની રચના અને આયોજન આઈઆઈટી ગાંધીનગર અને યુનિવર્સિટી ઓફ સાસ્કાચવેન દ્વારા સંયુક્ત રીતે ૮થી ૨૨ ડિસેમ્બર, ૨૦૧૯ દરમિયાન કરવામાં આવ્યું હતું. આ વિન્ટર સ્કૂલને શાસ્ત્રી ઈન્ડો-કેનેડિયન સંસ્થા, માનવ સંસાધન વિકાસ મંત્રાલય (એમએચઆરડી), ભારત સરકાર, આઈઆઈટી ગાંધીનગરની રીસર્ચ એન્ડ ડેવેલપમેન્ટ શાખા અને યુનિવર્સિટી ઓફ સાસ્કાચવેન દ્વારા સમર્થન હતું. ૮ અને ૨૨ ડિસેમ્બર, ૨૦૧૯ની વચ્ચે



હેશટેગ #WIDH છેલ્લા બે અઠવાડિયાથી સોશિયલ મીડિયા સાઈટ્સ પર ટ્રેન્ડ કરી રહ્યું હતું. આ વિન્ટર સ્કૂલનો હેતુ ડિજિટલ સ્ટડીઝ પર આંતરશાખાકીય સંવાદ શરૂ કરવાનો હતો. સમાવિષ્ટ વિષયોમાં ડિજિટલ સંસાધનો, આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ, આર્કાઈવ્સ અને ગ્રામીણ ભારત, આંકડાકીય સાધનો, મેપિંગ તકનીકીઓ, મહાકાવ્યો અને નવા માધ્યમો, શિક્ષણશાસ્ત્ર પદ્ધતિઓ, સોશિયલ મીડિયા વિશ્લેષણ, વિઝ્યુઅલાઈઝેશન અને ડિજિટલ હ્યુમેનિટીઝ ટૂલ્સ તથા અન્ય વૈવિધ્યસભર દ્રષ્ટિકોણ હતા, જે ડિજિટાઈઝેશનના આ યુગમાં હ્યુમેનિટીઝના વિવિધ પ્રવાહોને અસર કરે છે. આમંત્રિત પ્રતિષ્ઠિત વક્તાઓ અને યુનિવર્સિટી ઓફ સાસ્કાચવેન તથા આઈઆઈટી ગાંધીનગરના ફેકલ્ટી નિષ્ણાતો દ્વારા વિદ્વત્તાપૂર્ણ વાર્તાલાપો, કીનોટ લેક્ચર્સ અને વર્કશોપની શ્રેણીએ, ભાગ લેનારાઓને ડિજિટલ હ્યુમેનિટીઝના ક્ષેત્રમાં સૈદ્ધાંતિક વિકાસ અંગેની મહત્ત્વપૂર્ણ સમજણ પૂરી પાડી અને મુખ્ય ડિજિટલ ટૂલ્સ અને પદ્ધતિઓને જાતે ઉપયોગ કરવાનો અનુભવ પૂરો પાડ્યો. અનિલ પી ગુપ્તા, કે પી જયસંકર, પી સાંઈનાથ, અને જતિન્દ્ર કુમાર નાયક જેવા વિચારકોએ વિન્ટર ઈન્સ્ટિટ્યૂટમાં મુખ્ય સત્ર આપ્યા હતા. દેશભરના લગભગ ૬૦ સ્કોલર્સ, અનુસ્નાતક વિદ્યાર્થીઓ, હ્યુમેનિટીઝ એન્ડ સોશિયલ સાયન્સ, કમ્પ્યુટર સાયન્સ અને ઈલેક્ટ્રિકલ એન્જિનિયરિંગ, ફિઝિક્સ, મીડિયા સ્ટડીઝના સંશોધનકારો અને ફ્રીલાન્સરોએ ડબલ્યુઆઈડીએચમાં બે અઠવાડિયા સુધી ભાગ લીધો હતો અને ડિજિટલ સ્ટડીઝના વિવિધ પાસાઓ પર ચર્ચા કરી હતી.

### ૨૬મીથી નેશનલ એકેડમી ઓફ વેટરીનરી સાયન્સ, ઈન્ડીયા દ્વારા

## 'ફ્યુચરીસ્ટીક ટેકનોલોજી ઈન એનિમલ હેલ્થ એન્ડ પ્રોડક્શન' વિષયે વૈજ્ઞાનિક સંગોષ્ઠિ

ગાંધીનગર, તા. ૨૪
નેશનલ એકેડમી ઓફ વેટરીનરી સાયન્સ (ઈન્ડીયા) નું ૧૮મું દીક્ષાંત સમારોહ અને 'ફ્યુચરીસ્ટીક ટેકનોલોજી ઈન એનિમલ હેલ્થ એન્ડ પ્રોડક્શન' વિષય ઉપર વૈજ્ઞાનિક સંગોષ્ઠી (સમ્મેલન) યોજાશે

કામધેનુ યુનિવર્સિટી, ગાંધીનગર અને નેશનલ એકેડમી ઓફ વેટરીનરી સાયન્સ (NAVS) દ્વારા સંયુક્ત ઉપક્રમે તા.૨૬-૨૭ ડિસેમ્બર, ૨૦૧૯ દરમ્યાન ઈન્ફલીબનેટ સેન્ટર, ગાંધીનગર ખાતે નેશનલ એકેડમી ઓફ વેટરીનરી સાયન્સ (NAVS)નું ૧૮મો દીક્ષાંત સમારોહ અને 'ફ્યુચરીસ્ટીક ટેકનોલોજી ઈન એનિમલ હેલ્થ એન્ડ પ્રોડક્શન' વિષય ઉપર બે દિવસીય વૈજ્ઞાનિક સમ્મેલન (સંગોષ્ઠી)નું આયોજન કરવામાં આવ્યું છે. આ બે દિવસીય કાર્યક્રમમાં દેશના જુદા-જુદા રાજ્યોમાંથી પશુચિકિત્સા અને પશુપાલનના પ્રખર વૈજ્ઞાનિકો, શિક્ષકો, સંશોધનકર્તાઓ, વિદ્યાર્થીઓ, વિવિધ તજજ્ઞો, વિષય નિષ્ણાંતો આ સંમેલનમાં પશુ સ્વાસ્થ્ય, પશુરોગ નિદાન માટે નવીન તકનીકી જ્ઞાનના સંશોધન કર્તાઓ વિચાર વિમર્શ કરશે. આ ઉપરાંત પશુરોગ નિયંત્રણ માટે નવીન રસીકરણ, પશુ ઉત્પાદન અને પશુ પ્રજનનના સુધાર માટે અત્યંત આધુનિક ટેકનોલોજી અને તેના ઉપયોગ માટે ઊંડાણપૂર્વક ચર્ચા થશે. આ ક્ષેત્રમાં સ્ટાર્ટઅપ દ્વારા ફાઈવ-જી મોબાઈલ કોમ્યુનીકેશન, આર્ટીફીશયલ ઈન્ટેલીજન્સ, ઈન્ટરનેટ ઓફ થિંકસ વગેરેનો ઉપયોગ કરવા અંગેનું માર્ગદર્શન થશે. આ નવીનતમ ટેકનોલોજી દ્વારા રાજ્ય અને દેશભરના પશુપાલકોને કેવી રીતે લાભકારી કરી શકાય તે અત્યંત મહત્વની બાબત છે. આ બે દિવસીય કાર્યકમના ઉદ્ઘાટન પ્રસંગે મુખ્ય મહેમાન માનનીય કુંવરજીભાઈ બાવળીયા (કેબીનેટ મંત્રીશ્રી પાણી પુરવઠા, પશુપાલન, ગ્રામગૃહ નિર્માણ); અતિથિવિશેષ ડૉ. વલ્લભભાઈ કથિરિયા ચેરમેન, રાષ્ટ્રીય કામધેનુ આયોગ, નવી દિલ્હી; ડૉ. એ. કે. શ્રીવાસ્તવ મેમ્બર, કૃષિ વૈજ્ઞાનિક ચયન બોર્ડ, નવી દિલ્હી; પી. આર. વેંકટેશ, ડાયરેક્ટર જનરલ, રીમાઉંટ વેટરીનરી સર્વિસીસ, ભારતીય સેના; એન. એ. વી. એસ.ના અધ્યક્ષ શ્રી ડૉ. શ્રીકાંત; એન.એ.વી.એસ.ના મહાસચિવ ડૉ. એસ. કે. ગુપ્તા તથા કામધેનુ યુનિવર્સિટીના કુલપતિ ડૉ. એન. એચ. કેલાવાલા તથા કામધેનુ યુનિવર્સિટીના અન્ય અધિકારીઓ ઉપસ્થિત રહેશે.

### 'આર્ષ' શોધ સંસ્થાન દ્વારા હરિમંદિર, અક્ષરધામ ખાતે તા. ૨૮મીના રોજ

## 'આદર્શ લોકનાયક સ્વ. બાબુભાઈ જશભાઈ પટેલ એક વ્યક્તિ વિશેષ' વિષયે પ્રવચન યોજાશે

ગાંધીનગર, તા. ૨૪
કાલીદાસની ઉક્તિ છે - માનવના ગુણો જ સર્વત્ર વ્યક્તિનો આદર કરાવી લે છે.

હાથમાં એક નાનકડી થેલી, ખાદીના વસ્ત્રો : જેઓ સામાન્ય મુસાફરની જેમ પગપાળા તો ઘણી વખત રિક્ષામા અને કેટલીય વાર બસમાં મુસાફરી કરતા, લોકોમાં ભળતા અને દોરતા, મુઠ્ઠીભર ચણા ખાઈ દિવસ ગુજારતા, નિર્ભયતાનાં પ્રવચનોથી પ્રજામાં હિંમત પૂરતા અને પ્રેરણા આપતા અને ગવર્નર પદ જેવા ઝાકઝમાળ પદને ઠોકરે મારનાર એવા કોઈ રાજપુરુષને ઓળખો છો? એ રાજપુરુષ એટલે ગુજરાતના ભૂતપૂર્વ મુખ્યમંત્રી સ્વ. બાબુભાઈ જશભાઈ પટેલ. તેઓશ્રી માટે વિશ્વવંદનીય પ.પૂ. પ્રમુખસ્વામી મહારાજ કહેતા કે, 'શ્રી બાબુભાઈએ ગુજરાતના એક અદના સમાજ સેવકથી માંડીને મુખ્યમંત્રી સુધીના અનેક પદ શોભાવીને જે તે ક્ષેત્રની સેવાઓમાં નિષ્ઠાપૂર્વક પોતાના પ્રાણ રેડ્યા છે. તેઓએ સમગ્ર જીવન સમાજને-દેશને ન્યોચ્છાવર કર્યું છે. તેઓ આટઆટલા જાહેરજીવન અને રાજકારણમાં રત હોવા છતાં સદાય શુદ્ધ, પ્રામાણિક રહ્યા છે. તેઓનું જીવન સત્યનિષ્ઠ, મૂલ્યનિષ્ઠ અને ધર્મનિષ્ઠ હતું.' એક સિક્કાની બે બાજુ સમાન, ક્યાંય સાંધો કે રેણ ન મળે એવા આદર્શ લોકનાયક અને શીલધર્મી રાજપુરુષ તરીકે સર્વના હ્રદયમાં સ્થાન પ્રાપ્ત કરનારા સ્વ. બાબુભાઈએ કુટુંબ દ્વારા વારસામાં મેળવેલા સ્વામિનારાયણ સંપ્રદાયના સંસ્કારો પણ જીવનમાં સાદ્યાન્ત સાચવ્યા છે. ગાંધીનગર અક્ષરધામના ખાતમુહૂર્ત અને ઉદ્ઘાટન સમારોહમાં મુખ્ય અતિથિ તરીકે તેઓએ અમૂલો લાભ પણ લીધો હતો. નિવૃત્ત જીવનમાં છેલ્લા દિવસો સુધી પણ તેઓ ભક્તિમય રહ્યા હતા.

તેઓના વિશેષ પરિચય માટે 'આર્ષ' અક્ષરધામ, ગાંધીનગર, દ્વારા આર્ષ ત્રૈમાસિક પ્રવચનમાળા પ્રવચન-૯૦ અંતર્ગત તા.૨૮-૧૨-૨૦૧૯ ને શનિવારે સાંજે ૦૪-૩૦ થી ૦૭-૦૦ કલાક દરમિયાન અક્ષરધામ હરિમંદિર ખાતે 'આદર્શ લોકનાયક : સ્વ. બાબુભાઈ જશભાઈ પટેલ - એક વ્યક્તિ વિશેષ' વિષય પર પ્રવચનનું આયોજન કરેલ છે. જેમાં જાણીતા વરિષ્ઠ પત્રકાર, કટારલેખક અને રાજકીય વિશ્લેષક, અમદાવાદના મણિલાલ પટેલ તેમના લોકોપયોગી રાજકીય આદર્શ જીવન પર તથા બી.એ.પી.એસ અક્ષરધામ, ગાંધીનગરના મહંતશ્રી, પૂ. આનંદસ્વરૂપદાસ સ્વામી તેમના ધાર્મિક-આધ્યાત્મિક જીવન પર પ્રવચનનો લાભ આપશે. આ પ્રવચનનો લાભ લેવા જનતાને ભાવભર્યું નિમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

## સંજીવ મહેતાને આજે દિલ્હીમાં અટલ સમરસતા એવોર્ડ અપાશે

### યુવા જાગૃતિ દ્વારા રાષ્ટ્રસેવાના તેમના પ્રયત્નો સમગ્ર દેશમાં સરાહનીય રહ્યા છે

ગાંધીનગર, તા. ૨૪
આંતરરાષ્ટ્રીય સમરસતા મંચ અને ભારત-નેપાળ સાંસ્કૃતિક ફાઉન્ડેશનના ઉપક્રમે ગુજરાત રાજ્ય યુવક બોર્ડના પૂર્વ ઉપાધ્યક્ષ સંજીવ મહેતાની પસંદગી 'અટલ સમરસતા એવોર્ડ' માટે કરવામાં આવી છે.

ભારતીય જનતા પાર્ટી, વિદેશ વિભાગના ગુજરાત રાજ્યનાં કન્વીનર સંજીવ મહેતા દ્વારા 'સદ્ભાવના' ક્ષેત્રમાં સદભાવના, વૃક્ષારોપણ, સમરસતા સંમેલનો, નાત-જાતના ભેદભાવ મીટાવવાના પ્રયત્નો, કોમ-કોમ વચ્ચે સંવાદિતા, ભાષાકીય રાષ્ટ્રીય એકતા તથા પૂ. મહાત્મા ગાંધી તથા સ્વામિ વિવેકાનંદના વિચારોના પ્રચાર અને પ્રસારની કામગીરીને લક્ષમાં લઈને આ પસંદગી કરવામાં આવી છે.

સમગ્ર ગુજરાતમાંથી ગાંધીનગરના સંજીવ મહેતાની પસંદગી ગૌરવાનંદની લાગણી પ્રસરાવી છે. ચાલુ વર્ષે તેમણે શરુ કરેલા રાષ્ટ્રવ્યાપી યુવા આંદોલન 'સ્વામી વિવેકાનંદ કે પથ પર આગે કદમ' અને 'યુવા ફોર ન્યુ ઈન્ડીયા'



દ્વારા યુવા જાગૃતિ દ્વારા રાષ્ટ્રસેવાની જ્યોત પ્રજ્વલીત કરવાના તેમના પ્રયત્નો સમગ્ર દેશમાં સરાહનીય રહ્યા છે. ભારત તથા નેપાલની વૈદીક કાલીન સંસ્કૃતિનું પુનઃ ઉત્થાન દ્વારા અધ્યાત્મશક્તિથી દુનિયાનાં તાકાતવર દેશોમાં ભારત અગ્રેસર બને તે માટેના સઘન પ્રયત્નો કરવામાં આવશે.

પૂર્વ પ્રધાનમંત્રી સ્વ. અટલ બિહારી બાજપેયીજીના જન્મદિન નિમિત્તે નવી દિલ્હી ખાતે પચીસમી ડિસેમ્બરના રોજ યોજાનારા એક ખાસ સમારંભમાં સંજીવ મહેતાને 'અટલ સમરસતા એવોર્ડ' એનાયત કરવામાં આવશે.

અત્રે ઉલ્લેખનીય છે કે સંજીવ મહેતા ઈન્ડો-અમેરીકન પોલીટીકલ લીડર્સ ફાઉન્ડેશન, જાયકા-જાપાન, યુરોપીયન યુનીયન જેવી આંતરરાષ્ટ્રીય સંસ્થાઓ સાથે પણ સક્રીય રીતે સંકળાયેલા છે.

આ એવોર્ડ માટે નોમીનેશન નહેરુ યુવા કેન્દ્ર, ગાંધીનગર દ્વારા યુવા સંયોજક રજનીકાંત સુથાર દ્વારા કરવામાં આવ્યું હતું.

## મનુષ્ય સ્વભાવની સારપમાં આવો, પૂર્ણ વિશ્વાસ મુકીએ




- બાઈબલમાં કીધું છે કે એક ગરીબની તેના ભાગનો રોટલાનો એક ટૂકડો ન મળે તેવો ઈન્કાર ક્રૂરતાની સીમા છે, પોતાના આ ભાગ માટેની તેમની માગણી ન્યાયોચિત અને વ્યાજબી છે. એટલે જ ' ધ લાઈફ ઈઝ મોર ધેન મીટ ' અર્થાત જીવન સ્વંય આવા રોટલા કરતાં કંઈક વધારે કીમતી છે.
- બાઈબલ ક્રોધ વિશે કહ્યું છે કે ' જે ક્રોધ કરવામાં મોળો છે તે બળવાન કરતાં પણ સારો છે. અને જે પોતાના આત્મા પર હકૂમત ભોગવે છે તે કોઈ નગર વિજેતા કરતાં પણ મોટો છે. '
- બાઈબલમાં એક વચન છે : ' ઈશ્વરને મેળવવા માટે કોઈએ પણ પોતાના ચહેરાને વિકૃત કરવાની આવશ્યકતા નથી. યાદ રાખો કે ઈશ્વરને મેળવવો એટલે સર્વ દુઃખોની આત્યંતિક નિવૃતિ. '
- ઈસુ ખ્રિસ્ત કહેતા કે માણસ માત્ર રોટીથી જીવતો નથી પણ ઈશ્વરના મુખમાંથી નીકળતા પ્રત્યેક શબ્દથી જીવે છે.
- ટોલ્સટોયના કહેવા પ્રમાણે ઈસુ ખ્રિસ્તનો મધ્યવર્તી ઉપદેશ 'અનિષ્ટનો પ્રતિકાર અનિષ્ટથી નહિ કરવો' એ હતો. અનિષ્ટનો પ્રતિકાર એક માત્ર અસરકારક વિરોધી ગુણ 'ઈષ્ટ' અથવા ' પ્રેમ'થી જ કરવો.
- ઈસુ ખ્રિસ્તે માયાને દૈત્ય, ખૂની અને જૂઠી ગણાવી છે.
- બીજા પ્રાણીઓનું અજ્ઞાન અને દુઃખનું નિવારણ કરવા પોતાનું જીવન સમર્પિત કરવું એ ખ્રિસ્તી ભક્તોએ વધારેમાં વધારે વિકસાવેલો ગુણ છે. તેમને આભડછેટ નડતી નથી.
- બાઈબલનો નવો કરાર, જૈન શાસ્ત્રો અને ટોલ્સટોયના લખાણો એ ત્રણ એ ગાંધીજીના અહિંસાના સિદ્ધાંતોના પાયારૂપ છે. ગાંધીજી કહેતા હતા કે ' બાઈબલ, કુરાન અને ઝંદ અવસ્તાને વેદોના જેટલા જ દિવ્ય પ્રેરણા સંપન્ન માનું છું. ' ઈસુ વિશે ગાંધીજીએ લખેલું કે 'પ હું માનું છું કે એ માત્ર ખ્રિસ્તી ધર્મના જ નહિ પણ આખી દુનિયાના સર્વ જાતિઓ અને સર્વ પ્રદેશોના પેગંબર છે. ' ગાંધીજીએ ખ્રિસ્તી મિશનરીઓથી પ્રભાવિત થઈને સેવાકિય પ્રવૃતિઓને પોતાનો માનવધર્મ ગણ્યો હતો. ખ્રિસ્તી ધર્મ વિશે જાણવા અને સમજવા ગાંધીજી વિલાયતના મિત્રો સાથે પત્રવ્યવહાર કરતા.
- ગાંધીજીએ પુસ્તક નવો કરાર વાંચી તેના વિશે કિધું કેઃ 'ઈશુના ગિરિપ્રવચનની અસર બહુ સારી પડી. તે હ્રદયમાં ઉતાર્યું. બુદ્ધિએ ગીતાજીની સાથે તેની સરખામણી કરી. 'તારું પહેરણ માગે તેને અંગરખું આપજે. ' , 'તને જમણે ગાલે તમાચો મારે તેની આગળ ડાબો ધરજે. ' એ વાંચીને મને અપાર આનંદ થયો. ત્યાગમાં ધર્મ છે એ વાત મનને ગમી.'
- બાઈબલના સિધ્ધાંતોનો મુખ્ય સાર મનુષ્ય સ્વભાવની ભલાઈમાં પૂર્ણ વિશ્વાસ મૂકવો એ છે.
- ઈશુને શૂળેએ ચઢાવવામાં આવ્યા ત્યારે તેમના મુખમાંથી ' ઈલોહી ' ' ઈલોહી ' (હે મારા ઈશ્વર, હે મારા ઈશ્વર) શબ્દ નિકળેલા.
- ઈસુએ કહ્યુ, ''આકાશ તથા પૃથ્વી જતા રહેશે પણ મારી વાતો જતી રહેશે નહિ''. આ પ્રમાણને જોયા પછી કોઈપણ નિસંદેહ કહી શકે છે કે, હાં બાઈબલ ખરેખર ઈશ્વરનું વચન છે.
- ખ્રિસ્તી ધર્મશાસ્ત્ર ઐતિહાસિક રીતે ગંભીર વિચારણાને પાત્ર છે. કેટલાક પરીક્ષણોમાં બાઈબલ હિન્દુ વેદ અને પ્રાચીન અન્ય તમામ પુસ્તકોથી ચડિયાતું સાબિત થયુ છે. બાઈબલ ઉપર શંકા કરવી એ તો ઈતિહાસ ઉપર શંકા કરવા જેવું છે, કારણકે તે પ્રાચીનકાળનું સૌથી પ્રમાણભૂત પુસ્તક છે.

## 'વસુધૈવ કુટુંબકમ' : ડીપીએસનો વાર્ષિકોત્સવ



દિલ્હી પબ્લિક સ્કૂલ,ગાંધીનગરના ધોરણ ૬ થી ૧૧ના વિદ્યાર્થીઓ દ્વારા વિવિધ વિષયો પર સુંદર કૃતિઓની રજૂઆત વાર્ષિકોત્સવ અંતર્ગત ગાંધીનગર ટાઉનહૉલ ખાતે કરવામાં આવી હતી.

આ પ્રસંગની શોભા વધારવા માટે ગાંધીનગરની પ્રખ્યાત શૈક્ષણિક સંસ્થા ધીરુભાઈ અમ્બાણી ઈન્સ્ટીટ્યુટ ઓફ ઈન્ફરમેશન એન્ડ ટેકનોલોજીના ડાયરેકટર ડો. કે.એસ.દાસગુપ્તા ખાસ પધાર્યા હતા, વિદ્યાર્થીઓ અને શિક્ષકોનાં સહિયારા પ્રયાસથી આયોજીત આ વાર્ષિકોત્સવને તેમણે વધાવી લીધો હતો અને સૌને અભિનંદન પાઠવતાં જણાવ્યું હતુ કે શાળા દ્વારા કરાતો બાળકોનાં સર્વાંગીણ વિકાસ અને મૂલ્યપ્રેરક શિક્ષણનાં ઘડતર માટેનો પ્રયાસ પ્રશંસનીય છે. આ જ પ્રસંગના અન્ય આયામોમાં નેશનલ ઈન્સ્ટીટ્યુટ ઓફ ઓપન સ્કૂલિંગ(એન.આઈ.ઓ.એસ.)ના ક્ષેત્રીય ડાયરેકટર વી. સન્થનમ અને ઈન્સ્ટીટ્યુટ ઓફ પ્લાઝમા રીસર્ચના આર. એન્ડ ડી. વિભાગના અધ્યક્ષ તથા વૈજ્ઞાનિક અધિકારી ડૉ. પ્રવીણકુમાર આત્રે જેવા અતિથિઓ પણ પધાર્યા હતા, જેમણે વાર્ષિકોત્સવને વધુ શોભાયમાન બનાવ્યો હતો.